## ૨૮– તહોમતનામું

ફો.કે.નં:– ૧૨૫૨/૨૦૨૫
આંક– ૪

**હું નિમિષા ગંગારામભાઈ સુરતી, એડીશ્નલ ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ, હળવદ**

તમો આરોપી મુસાભાઈ કાલુભાઈ બેલીમ, ઉ.વ. ૩૫, ધંધો–ડ્રાઈવીંગ, રહે.દશાડા, તા.દશાડા, જી.સુરેન્દનગરનાઓ ઉપર નીચે મુજબ તહોમત મુકું છું:–

ફરીયાદી તેઓના ઘરે સુતા હતા ત્યારે તેઓને જાણ થયેલ કે તેમના ભત્રીજા નવીનભાઈ રામજીભાઈ મીયાત્રા ઉ.વ.૫૧ રહે. અંતરજાળ તા. ગાંધીધામ, જિ.કચ્છ તેઓના ગામના કરશનભાઈ આગરીયા આહીરનું ટેન્કર નં.જીજે–૩૯–ટીએ–૮૫૦૧નુ ડ્રાઈવીંગ કરી અમદાવાદ તરફ ગયા હતા અને તેની સાથે બીજા ડ્રાઈવર તરીકે મુસાભાઈ કાળુભાઈ બેલીમ એટલે કે તમો આરોપી હતા અને તમારુ ટેન્કર હળવદ નજીક પહોંચતા તમો આરોપી વાહન હંકારતા હોય અને ફરીયાદીનો ભત્રીજો નવીન ખાલી સાઈડમા બેઠા હતા ત્યારે તમો આરોપીએ ઉપરોકત ટેન્કર પુરઝડપે ગફલતભરી રીતે ચલાવી આગળ જતા ટ્રેલર નં.જીજે–૩૯–ટીએ–૧૭૨૨ના ઠાઠામા ભટકાડતા ફરીયાદીના ભત્રીજા નવીનભાઈ રામજીભાઈને માથાના ભાગે ઈજા થયેલ તેમજ ડાબા ખભાના ભાગે ઈજા થયેલી અને મરણ ગયેલ અને બનાવની જાણ થતા ફરીયાદી હીરાભાઈ જેશંગભાઈ મીયાત્રા તથા તેઓના ગામના શામજીભાઈ મીયાત્રા હળવદ સરકારી દવાખાને આવેલ અને ત્યા તેઓને જાણવા મળેલ કે હળવદ જીઆઈડીસી સામે ધ્રાંગધ્રા જતા હાઈવે ઉપર અકસ્માતનો બનાવ તા.૧૨/૧૦/૨૫ના રાત્રીના બે વાગ્યાના અરસામા બનેલ છે અને તમો આરોપી જીજે–૩૯–ટીએ–૮૫૦૧ના ચાલક તરીકે વાહન હંકારતા હતા અને તમોએ પુરઝડપે અને ગફલતભરી રીતે બેદરકારીથી વાહન ચલાવી ટ્રેલરના ઠાઠામા ભટકાડી ફરીયાદીના ભત્રીજા નવીનભાઈને ઈજાઓ પહોંચાડી તેઓનુ મરણ નીપજાવેલ હોય તેમ કરીને તમો આરોપીએ ભારતીય ન્યાય સંહીતા ૨૦૨૩ની કલમ–૨૮૧, ૧૦૬(૧), ૧૨૫(૨) તેમજ એમ.વી.એકટ–૧૭૭, ૧૮૪મુજબનો શીક્ષા પાત્ર ગુન્હો કરેલ છે.

એડી. ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ,હળવદ

આમ, તમો આરોપીએ ઉપર જણાવ્યા મુજબનાં ગુન્હાઓ આ અદાલતની હકુમતમાં કરેલ હોય આ ગુન્હાઓ અંગેની ઈન્સાફી કાર્યવાહી ચલાવવાનો આદેશ ફરમાવવામાં આવે છે.

તા:–૧૦/૦૩/૨૦૨૬ મારા રુબરુ

હળવદ.

( નિમિષા ગંગારામભાઈ સુરતી)
એડી. ચીફ જ્યુડી. મેજીસ્ટ્રેટ,હળવદ

ફો.કે.નં:– ૧૨૫૨/૨૦૨૫
આંક : ૫

**આરોપીની જુબાની**

હું હળવદ ના એડી. ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ સાહેબની રુબરુ હાજર થઈ લખાવું છું કે :

મારું નામ: મુસાભાઈ કાલુભાઈ બેલીમ,

મારા પિતાનું નામ: કાલુભાઈ બેલીમ

મારી અંદાજીત ઉંમર: ૩૫ વર્ષ

મારો ધંધો: ડ્રાઈવીંગ

હું દશાડા, તા.દશાડા, જી.સુરેન્દનગરનો રહેવાશી

પ્રશ્ન ૧: તમને પોલીસ પેપર્સની નકલ મળેલ છે.
જવાબ : હાજી.

પ્રશ્ન ૨: તમો આરોપીએ આંક– જનાં તહોમતનામામાં જણાવ્યા મુજબનો શીક્ષાપાત્ર ગુનો કરેલ હોચ જે ગુનો તમોને કબુલ છે?

જવાબ : ગુન્હો કબુલ નથી. કેસ આગળ ચલાવવો છે.

........................................

સ્થળ:– હળવદ.
તારીખ : ૧૦/૦૩/૨૦૨૬ અમારા રુબરુ,

એડી. ચીફ. જયુડી. મેજી.,
હળવદ.

એડી. ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ,હળવદ